**પ્રફુલ પાનશેરીયા**



ક્રમાંક : રા.ક.મં./સં.બા./પ્રા.મા. અને પ્રૌ. શિ./ઉ.શિ./VIP-MJ4/૨૦૨૩

**રાજ્યકક્ષાના મંત્રી,**
**સંસદીય બાબતો, પ્રાથમિક, માધ્યમિક અને**
**પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ,**
**ગુજરાત સરકાર**
સ્વર્ણિમ સંકુલ-૨, પહેલો માળ,
સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦

તારીખ : 18 JAN 2023

## સંદેશ

માનવી સક્ષમ બને, સમાન અને ન્યાયી સમાજનો વિકાસ થાય અને રાષ્ટ્રીય વિકાસને પ્રોત્સાહન મળે તે માટે શિક્ષણ એ રાજ્યની મૂળભૂત જરૂરિયાત છે. ગુણવત્તાયુક્ત સર્વવ્યાપી શિક્ષણ માટે પ્રવેશ ઉપલબ્ધ કરાવવો, આર્થિક વૃદ્ધિ, સામાજીક ન્યાય અને સમાનતા, વૈજ્ઞાનિક પ્રગતિ, રાષ્ટ્રીય એકતા અને સાંસ્કૃતિક સંરક્ષણ વગેરે બાબતો વૈશ્વિક સ્તર પર નેતૃત્વના સંદર્ભમાં ભારતની સતત પ્રગતિ માટે ચાવીરૂપ છે. ઉચ્ચ ગુણવત્તાયુક્ત સર્વવ્યાપી શિક્ષણ એ દેશની સમૃદ્ધ માનવપ્રતિભા અને સંસાધનોનો ઉત્તમ વિકાસ અને સંવર્ધન કરવા માટે તેમજ વ્યક્તિ, સમાજ, રાષ્ટ્ર અને વૈશ્વિક કલ્યાણ માટેનું શ્રેષ્ઠ માધ્યમ છે. આગામી દાયકામાં ભારતમાં વિશ્વના સૌથી વધુ યુવાન લોકોની વસતિ હશે અને તેમને ઉચ્ચ ગુણવત્તાયુક્ત શૈક્ષણિક તકો પ્રદાન કરવાની આપણી ક્ષમતા જ આપણા દેશના ભવિષ્યને નિર્ધારિત કરશે.

નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ નિશ્ચિંતપણે પ્રત્યેક સ્તર પર શિક્ષકોને સમાજના સર્વાધિક સન્માનપાત્ર અને અનિવાર્ય સભ્યના રૂપમાં પુનઃસ્થાપન કરવામાં મદદ કરશે. કારણ કે, શિક્ષક જ નાગરીકોને, આવનાર પેઢીઓને સાચા અર્થમાં આકાર આપે છે. નવી શિક્ષણ નીતિમાં તમામ વિદ્યાર્થીઓ માટે, તેમનું રહેઠાણ ગમે ત્યાં હોય તો પણ, ગુણવત્તાયુક્ત શિક્ષણ વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવી પડશે. આ કાર્યમાં દીર્ઘકાળથી હાંસિયામાં ધકેલાઈ ગયેલ સમુદાયો, વંચિતો અને લઘુમતી સમૂહો પર વિશેષ ધ્યાન આપવાની જરૂરિયાત રહેશે.

ધરતી વિકાસ સંસ્થાન, વડોદરા નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ના તાલીમ, સાહિત્ય નિર્માણ, મોનીટરીંગ-હેન્ડહોલ્ડિંગ, મૂલ્યાંકન માટે સહભાગીદારીથી નૈતિક સેવાકીય કાર્ય કરવા ઉત્સુક છે જે જાણી મારી હર્ષની લાગણી વ્યક્ત કરું છું. 'વિદ્યાદાન એ સૌથી ઉત્તમદાન છે' તે ચરિતાર્થ કરવાના ઉત્કૃષ્ઠ પ્રયાસો સાથે સંસ્થા તેના સેવાકીય કાર્યોમાં સફળ નિવડે તે માટે હૃદયપૂર્વકની શુભેચ્છાઓ.

(પ્રફુલ પાનશેરીયા)

પ્રતિ,
**ધરતી વિકાસ સંસ્થાન**
૩, અવનિ રેસીડન્સિ, બંસલ હોલ પાછળ,
ગોત્રી, વડોદરા-૩૯૦૦૨૧

**કાર્યાલય ફોન :** ૦૭૯-૨૩૨ ૫૦૧૯૩, ૨૩૨ ૫૦૧૯૫, **ફેક્સ :** ૨૩૨ ૫૦૧૮૯
**E-mail :** mos-edu@gujarat.gov.in

Scanned by CamScanner